Capital World (Gujarati) Pg 5, 15th July 2022

# અમેરિકી ડોલર ૨૦ વર્ષની ટોચ નજીક પહોંચતા બિટકોઈન પણ ૨૦ હજાર ડોલરની નજીક

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૨.૨૭ ટકાનો વધારો

**કેપિટલ સંવાદદાતા તા.૧૪**

અમેરિકાનો ડૉલર ઈન્ડેક્સ બે દાયકાની ટોચે ટ્રેડ થઈ રહ્યો હોવાથી બિટકોઈન પણ ૨૦,૦૦૦ના સ્તર તરફ આગળ વધી રહ્યુ હતું. અમેરિકામાં ફુગાવો ચાર દાયકાની ટોચે આવ્યા બાદ ડૉલરમાં ઉછાળો આવ્યો હતો. બિટકોઈન કરતા ઈથેરિયમમાં તેજી સરખામણીએ વધુ હતી.

જોકે, ક્રિપ્ટો નિષ્ણાતોનું કહેવુ છે કે બિટકોઈનમાં મધ્યમ ગાળે તેજીની સંભાવના ઓછી છે કારણ કે એકંદર બજારમાં નકારાત્મક માહોલ છે. ફેડરલ રિઝર્વ આ વર્ષના અંત સુધી વ્યાજદર વધારતી રહેશે એવુ અનુમાન હોવાથી ક્રિપ્ટોકરન્સીથી લઈને દરેક બજારોમાં તેની પ્રતિકૂળ અસર જોવા મળશે તે નક્કી છે.



વર્તમાન સમયમાં સૌથી ખરાબ અસર કાર્ડાનોની છે. વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં કાર્ડાનોમાં ૬૯ ટકાનો ઘટાડો આવ્યો છે.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ ગુરુવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૨.૨૭ ટકા વધીને ૨૬,૫૬૮.૮૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.